# Tenses (કાળ)

કાળના મુખ્ય ત્રણ પ્રકાર પડે છે.

(૧) વર્તમાન કાળ [Present Tenses]
(૨) ભૂતકાળ [ Past Tense ]
(૩) ભવિષ્યકાળ [ Future Tense ]

અંગ્રેજીમાં કુલ બાર કાળ છે. પરંતુ રોજબરોજ વપરાતા એવા નવ પ્રકાર છે.

**Tenses**

**ભૂતકાળ**
(૧) સાદો ભૂતકાળ
(૨) ચાલુ ભૂતકાળ
(૩) પૂર્ણ ભૂતકાળ

**વર્તમાનકાળ**
(૧) સાદો વર્તમાનકાળ
(૨) ચાલુ વર્તમાનકાળ
(૩) પૂર્ણ વર્તમાનકાળ

**ભવિષ્યકાળ**
(૧) સાદો ભવિષ્યકાળ
(૨) ચાલુ ભવિષ્યકાળ
(૩) પૂર્ણ ભવિષ્યકાળ

# વર્તમાનકાળ

## (૧) સાદો વર્તમાનકાળ :-

સામાન્ય રીતે સાદા વર્તમાનકાળના બે પ્રકાર પડે છે.

- **To be ના ક્રિયાપદ વાળો સાદો વર્તમાનકાળ**
- **To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદ વાળો વર્તમાનકાળ**

### [I] To be ના ક્રિયાપદ વાળો સાદો વર્તમાનકાળ

To be ના ક્રિયાપદ વાળો સાદો વર્તમાનકાળના રૂપો.

| | Singular (એકવચન) | Plural (બહુવચન) |
|---|---|---|
| **પ્રથમ પુરુષ** | I am. હું છું. | We are. અમે છીએ. |
| **બીજો પુરુષ** | You are. તુ છે. | You are. તમે છો. |
| **ત્રીજો પુરુષ** | He / She / It } is તે છે. | They are. તેઓ છે. |

**Examples :-**

(1) I **am** a boy.
(2) We **are** children.
(3) You **are** a girl.
(4) You **are** cricketers.
(5) He **is** Raju.
(6) She **is** Meena.
(7) It **is** a bullock.
(8) They **are** fishermen.

Downloaded from www.rijadeja.com

**નકાર વાક્ય:-**

**to be ના ક્રિયાપદવાળા સાદા વર્તમાનકાળ વાળા વિધાન વાક્યને નકાર વાક્યમાં ફેરવવા માટે tobe ના ક્રિયાપદ ( am, is are ) પછી 'not' મૂકવામાં આવે છે.**

Examples :-

(1) I **am not** a boy.
(2) We **aren't** children.
(3) You **are not** a girl.
(4) You **aren't** cricketers.
(5) He **is not** Raju.
(6) She **isn't** Meena.
(7) It **is not** bullock.
(8) They **aren't** fishermen.

**પ્રશ્નાર્થ વાક્ય :-**

**To be ના ક્રિયાપદવાળા સાદા વર્તમાનકાળ વાળા વાક્યને પ્રશ્નાર્થ વાક્યમાં ફેરવવા માટે tobe ના ક્રિયાપદ [ am, is, are ] ને કર્તાની આગળ એટલેકે વાક્યની શરૂઆતમાં મૂકવામાં આવે છે.**

**Examples:-**

(1) **Am** I a boy?
(2) **Are** we children?
(3) **Are** you a girl?
(4) **Are** you cricketers?
(5) **Is** he Raju?
(6) **Is** she Meena?
(7) **Is** it a bullock?
(8) **Are** they fishermen?

## [II] To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદ વાળી સાદી વર્તમાનકાળ :-

રોજબરોજની ટેવરૂપ ક્રિયા કે સનાતન સત્ય સૂચવવા સાદા વર્તમાનકાળનો ઉપયોગ કરવામાં આવે છે.

### To play ક્રિયાપદના સાદા વર્તમાનકાળના રૂપો :-

| | **Singular** (એકવચન) | **Plural** (બહુવચન) |
|---|---|---|
| **પ્રથમ પુરુષ** | I play (હું રમું છું) | We play (અમે રમીએ છીએ.) |
| **બીજો પુરુષ** | You play (તુ રમે છે) | You play (તમે રમો છો.) |
| **ત્રીજો પુરુષ** | He / She / It } plays (તે રમે છે.) | They play (તેઓ રમે છે.) |

**નોંધ :-** **To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદ વાળા સાદા વર્તમાનકાળ ના વિધાન વાક્યમાં ત્રીજા પુરુષ એકવચનના સર્વનામ [He, She, It] કે નામ સાથે આવતા ક્રિયાપદને 's' કે 'es' પ્રત્યય લગાડવામાં આવે છે.**

**Examples :-**

(1) **I *play* cricket everyday.**
**હું દરરોજ ક્રિકેટ રમું છું.**
(2) **He *plays* cricket everyday.**
**તે દરરોજ ક્રિકેટ રમે છે.**
(3) **She *goes* to school everyday.**
**તે દરરોજ શાળાએ જાય છે.**
(4) **I *read* a story book everynight.**
**હું દરરોજ રાતે વાર્તાની ચોપડી વાંચું છું.**
(5) **He sometimes *plays* kho-kho.**

Downloaded from www.rijadeja.com

તે કેટલીકવાર ખોખો રમે છે.

**નકાર વાક્ય :-**

**to be ક્રિયાપદ સિવાયના ક્રિયાપદવાળા વિધાન વાક્યને નકાર વાક્યમાં ફેરવવા માટે સહાયકારક ક્રિયાપદ 'do' કે 'does' નો ઉપયોગ કરવામાં આવે છે.**

**ત્રીજા પુરૂષ એકવચનના સર્વનામ [ He, She, It ] કે નામ સાથે 'does not' [doesn't] નો ઉપયોગ કરવામાં આવે છે. બાકીના સર્વનામ સાથે 'do not'[don't] નો ઉપયોગ કરવામાં આવે છે.**

**નોંધ :- સહાયકારક ક્રિયાપદ 'does' નો ઉપયોગ કરતાં મુખ્ય ક્રિયાપદને લાગેલ 's' કે 'es' પ્રત્યયને દૂર કરવામાં આવે છે.**

**Examples :-**

(1) I **play** cricket.
I ***do not play*** cricket.
(2) He **plays** cricket.
He ***does not play*** cricket.
(3) She **goes** to school everyday.
She ***does not go*** to school everyday.
(4) I **read** a story everynight.
I ***do not read*** a story everynight.
(5) He sometimes **plays** kho-kho.
He sometimes ***does not play*** kho-kho.

**પ્રશ્નાર્થ વાક્ય :-**

**To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદ વાળા ( અન્ય ક્રિયાપદ વાળા ) સાદા વર્તમાનકાળના વિધાન વાક્યને પ્રશ્નાર્થ વાક્યમાં ફેરવવા માટે સહાયકારક ક્રિયાપદ 'do' કે 'does' ને કર્તાની આગળ એટલેકે વાક્યની શરુઆતમાં મૂકવામાં આવેછે.**

**Examples :-**

(1) I **play** cricket.
***Do*** I ***play*** cricket ?
(2) He **plays** cricket.
***Does*** he ***play*** cricket?
(3) She **goes** to school everyday.
***Does*** she ***go*** to school everyday?
(4) I **read** a story everynight.
***Do*** I ***read*** a story everynight?
(5) He sometimes **plays** kho-kho.
***Does*** he sometimes ***play*** kho-kho?

નિશાની :-

**everyday ( એવરીડે) દરરોજ**
**always ( ઓલ્વેઝ) હંમેશા/ રોજ**
**never (નેવર) કદીનહિ**
**sometimes ( સમટાઇમ્સ) કેટલીકવાર**
**often (ઓફન) ઘણીવાર /, વારંવાર**
**usually (યુઝુઅલી) સામાન્યરીતે**

# વાક્યરચના

**વિધાન :-**

| |
|---|
| કર્તા + to વિનાનું મૂ.ક્રિ. + અન્ય શબ્દો.<br>s કે es વાળુ ક્રિ. |

**નકાર :-**

| |
|---|
| કર્તા + do / does + not + to વિનાનું મૂ.ક્રિ. + અન્ય |

**પ્રશ્નાર્થ :-**

| |
|---|
| Do / Does + કર્તા + to વિનાનું મૂ.ક્રિ. + અન્ય શબ્દો ? |

Downloaded from www.rijadeja.com

## (૨) ચાલુ વર્તમાનકાળ :-

જ્યારે આપણે બોલતા હોઇએ તે વેળાએ કોઇ ક્રિયા ચાલુ છે. તે દર્શાવવા ચાલુ વર્તમાનકાળનો ઉપયોગ કરવામાં આવે છે.

**To play ક્રિયાપદના ચાલુ વર્તમાનકાળના રૂપો.**

| | **Singular (એકવચન)** | **Plural (બહુવચન)** |
|---|---|---|
| **પ્રથમ પુરુષ** | I am playing.<br>હું રમી રહયો/રહી છું. | We are playing.<br>અમે રમી રહયા છીએ. |
| **બીજો પુરુષ** | You are playing.<br>તુ રમી રહયો/રહી છે. | You are playing.<br>તમે રમી રહયા છો. |
| **ત્રીજો પુરુષ** | He / She / It } is playing.<br>તે રમી રહયો/ રહી છે. | They are playing.<br>તેઓ રમી રહયા છે. |

**ચાલુ વર્તમાનકાળનું ક્રિયાપદ = to be + મુખ્યક્રિયાપદનું ing વાળું રૂપ. (રહયો , રહી, રહયા)**

**Examples :-**

(1) We *are playing* cricket.
અમે ક્રિકેટ રમી રહયા છીએ.

(2) He *is writing* now.
તે અત્યારે લખી રહયો છે.

(3) Look, birds *are flying*.
જુઓ,પક્ષીઓ ઉડી રહયા છે.

**નિશાની :- now (નાઉ) હવે, હાલ, અત્યારે, હમણાં**
**look (લૂક) જૂઓ**
**listen (લિસન) સાંભળો**
**hear (હિઅર) સાંભળો**     **see (સી) જૂઓ**

***નકાર વાક્ય :-***

ચાલુ વર્તમાનકાળવાળા વિધાન વાક્યને નકાર વાક્યમાં ફેરવવા માટે **'to be'** ક્રિયાપદ **[is,am,are]** પછી **'not'** મૂકવામાં આવે છે.

**Examples :-**

(1) I **am reading** now.
I ***am not reading*** now.
(2) We **are jumping**.
We ***are not jumping***.

***પ્રશ્નાર્થ વાક્ય :-***

ચાલુ વર્તમાનકાળવાળા વિધાન વાક્યને પ્રશ્નાર્થ વાક્યમાં ફેરવવા માટે **'to be'** નું ક્રિયાપદ **( is, am, are )** ને કર્તાની આગળ અટલેકે વાક્યની શરુઆતમાં મૂકવામાં આવે છે.

**Examples :-**

(1) I **am playing** hockey now.
***Am*** I ***playing*** hockey now ?
(2) We **are flying** kites.
***Are*** we ***flying*** kites ?

## વાક્યરચના

વિધાન :-

| |
|---|
| કર્તા + **is/am/are** + **ing** વાળું ક્રિયાપદ + અન્ય શબ્દો. |

નકાર :-

| |
|---|
| કર્તા + **is/am/are** + **not** + **ing** વાળું ક્રિયાપદ + અન્ય શબ્દો. |

પ્રશ્નાર્થ :-

| |
|---|
| **Is/Am/Are** + કર્તા + **ing** વાળું ક્રિયાપદ + અન્ય શબ્દો + ? |

Downloaded from www.rijadeja.com

# ભૂતકાળ

## (૧) સાદો ભૂતકાળ :-

**અગાઉ થઇ ગયેલી કે બની ગયેલી ક્રિયા સૂચવવા સાદા ભૂતકાળનો ઉપયોગ કરવામાં આવે છે.**

સમાન્ય રીતે સાદા ભૂતકાળના **બે** પ્રકાર પડે છે.
(I) To be ના ક્રિયાપદવાળો સાદો ભૂતકાળ
(II) To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદવાળો ભૂતકાળ

### (I) To be ના ક્રિયાપદવાળો સાદો ભૂતકાળ :-

**To be ના સાદા ભૂતકાળના રૂપો**

| | **Singular** **એકવચન** | **Plural** **બહુવચન** |
|---|---|---|
| **પ્રથમ પુરુષ** | I was. (હું હતો.) | We were. (અમે હતાં.) |
| **બીજો પુરુષ** | You were. (તુ હતો/હતી.) | You were. (તમે હતાં.) |
| **ત્રીજો પુરુષ** | He / She / It } was. (તે હતો./હતી.) | They were. (તેઓ હતાં.) |

Examples:-

(1) I ***was*** in the library yesterday.
હું ગઇકાલે પુસ્તકાલયમાં હતો.
(2) I ***was*** in Std.IV last year.
હું ગયાવર્ષે છઠ્ઠા ધોરણમાં હતો.
(3) They ***were*** happy last week.
તેઓ ગયા અઠવાડિયે ખુશ હતા.

નિશાની :- **Yesterday (યસ્ટર્ડે) ગઇકાલે**
**The day before yesterday ( ધ ડે બીફોર યસ્ટર્ડે ) ગયા પરમદિવસે**
**This morning ( ધીસ મોર્નિંગ) આજે સવારે**
**Last night (લાસ્ટ નાઇટ) ગઇ રાતે**
**Last week (લાસ્ટ વીક) ગયા અઠવાડિયે**
**Last year (લાસ્ટ યર) ગયા વર્ષે**
**Last ……**

***નકાર વાક્ય*** :-

**To be ના ક્રિયાપદવાળા સાદા ભૂતકાળના વાક્યને નકાર વાક્યમાં ફેરવવા માટે 'to be' ના ક્રિયાપદ (was, were ) પછી 'not' મૂકવામાં આવે છે.**

**Examples :-**

(1) I ***was not*** in Ahmedabad yesterday.
હું ગઇકાલે અમદાવાદ ન હતો.
(2) We ***weren't*** in std. VI last year.
અમે ગયા વર્ષે છઠ્ઠા ધોરણમાં ન હતાં.

Downloaded from www.rijadeja.com

***પ્રશ્નાર્થ વાક્ય*** **:-**

**To be ના ક્રિયાપદ વાળા સાદા ભૂતકાળના વાક્યને પ્રશ્નાર્થ વાક્યમાં ફેરવવા માટે 'to be' ના ક્રિયાપદ (was, were) ને કર્તાની આગળ એટલેકે વાક્યની શરુઆતમાં મૂકવામાં આવે છે.** (6)

**Examples :-**

(1) You **were** in the school yesterday.
*Were* you in the school yesterday?
(2) He **was** in Vadodara last week.
*Was* he in Vadodara last week?

## વાક્યરચના

**વિધાન :-**

**કર્તા + was/were + અન્ય શબ્દો.**

**નકાર :-**

**કર્તા + was/were + not + અન્ય શબ્દો.**

**પ્રશ્નાર્થ :-**

**Was/Were + કર્તા + અન્ય શબ્દો + ?**

**(II) To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદ વાળો સાદો ભૂતકાળ :-**

**આ પ્રકારના વાક્યમાં 'to be' નું ભૂતકાળ નું ક્રિયાપદ (was, were) વપરાતું નથી.જ્યારે મુખ્ય ક્રિયાપદનું ભૂતકાળનું રૂપ મૂકવામાં આવે છે.**

### To Play ક્રિયાપદના સાદા ભૂતકાળના રૂપો

| | **Singular** (એકવચન) | **Plural** (બહુવચન) |
|---|---|---|
| **પ્રથમ પુરુષ** | I played. ( હું રમ્યો/રમી.) | We played.(અમે રમ્યા.) |
| **બીજો પુરુષ** | You played. (તુ રમ્યો./રમી.) | You played. (તમે રમ્યા.) |
| **ત્રીજો પુરુષ** | He / She / It } played. (તે રમ્યો/ રમી.) | They played. (તેઓ રમ્યા.) |

**Examples :-**

(1) We ***played*** kabaddi yesterday.
અમે ગઇકાલે કબડ્ડી રમ્યા.
(2) I ***wrote*** a story last night.
મેં ગઇરાતે એક વાર્તા લખી.
(3) He ***sang*** a song in the party.
તેણે પાર્ટીમાં ગીત ગાયું.

***નકાર વાક્ય*** **:-**

**To be ના ક્રિયાપદવાળા સાદા ભૂતકાળના વિધાન વાક્યને નકાર વાક્યમાં ફેરવવા માટે સહાયકારક ક્રિયાપદ 'did' નો ઉપયોગ કરવામાં આવે છે. 'did' ની સાથે 'not' મૂકવામાં આવે છે.**

Downloaded from www.rijadeja.com

નોધ :- સહાયકારક ક્રિયાપદ **'did'**નો ઉપયોગ કરતાં વિધાન વાક્યમાં રહેલા ભૂતકાળના ક્રિયાપદનું **'to'** વિનાનું મૂળરૂપ કરવામાં આવે છે.

**Examples :-**

(1) We **played** kabaddi yesterday.
We ***did not play*** kabaddi yesterday

(2) .I **wrote** a story last night.
I ***did not write*** a story last night.

(3) He **sang** a song in the party.
He ***did not sing*** a song in the party.

***પ્રશ્નાર્થ વાક્ય*** :-

**To be** ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદવાળા સાદા ભૂતકાળના વિધાન વાક્યને પ્રશ્નાર્થ વાક્યમાં ફેરવવા માટે સહાયકારક ક્રિયાપદ **'did'** ને કર્તાની આગળ એટલેકે વાક્યની શરુઆતમાં મૂકવામાં આવે છે.

**Examples :-**

(1) We **played** kabaddi yesterday.
***Did*** we ***play*** kabaddi yesterday?

(2) I **wrote** a story last night.
***Did*** I ***write*** a story last night?

(3) He **sang** a song in the party.
***Did*** he ***sing*** a song in the party?

## વાક્યરચના

વિધાન :-

| |
|---|
| કર્તા + ભૂતકાળનું ક્રિયાપદ + અન્ય શબ્દો. |

નકાર :-

| |
|---|
| કર્તા + **did not** + **to** વિનાનું મૂ.ક્રિ + અન્ય |

પ્રશ્નાર્થ :-

| |
|---|
| **Did** + કર્તા + **to** વિનાનું મૂ.ક્રિ. + અન્ય શબ્દો. |

ભૂતકાળના ક્રિયાપદના પ્રકાર :-

ભતકાળના ક્રિયાપદના બે પ્રકાર પડે.

**(i)** નિયમીત ક્રિયાપદ **( Regular Verbs)**

**(ii)** અનિયમીત ક્રિયાપદ **(Irregular Verbs )**

<u>(i) નિયમીત ક્રિયાપદ</u> :-

જે ક્રિયાપદને **'d'** કે **'ed'** પ્રત્યય લગાડતા ભૂતકાળનું રૂપ બને તેને નિયમીત ક્રિયાપદ કહેવામાં આવે છે. જેમકે

to play = played
to agree = agreed
to enjoy = enjoyed
to stop = stopped

Downloaded from www.rijadeja.com

## નિયમીત ક્રિયાપદના નિયમો :-

(૧) સામાન્ય રીત ક્રિયાપદને 'ed' પ્રત્યય લગાડતાં ભુતકાળનું રૂપ બને છે.

To look = looked
To call = called

(૨) જો ક્રિયાપદના મૂળરૂપને છેડે 'e' આવેલો હોય તો મા઼ 'd' પ્રત્યય લગાડતાં ભુતકાળનું રૂપ બને છે.

To arrange = arranged
To live = lived

(૩) જો ક્રિયાપદના છેડે 'y' આવેલો હોય અને જો 'y' ની પૂર્વે સ્વર આવેલો હોય તો મા઼ 'ed' પ્રત્યય લગાડતાં ભૂતકાળનું રૂપ બને છે.

To enjoy = enjoyed
To play = played

(૪) જો ક્રિયાપદના મૂળરૂપને છેડે 'y' આવેલો હોય તો 'y' નો 'i' કર્યા પછી 'ed' પ્રત્યય લગાડતાં ક્રિયાપદનૂ ભૂતકાળનું રૂપ બને છે.

To cry = cried
To try = tried

(૫) જો ક્રિયાપદના મૂળરૂપને છેડે એકજ વ્યંજન આવેલો હોય અને તે વ્યંજનની આગળ એકજ સ્વર આવેલો હોય તો છેલ્લો વ્યંજન બેવડાઇ જાય છે. અને ત્યાર બાદ 'ed' પ્રત્યય લગાડવામાં આવે છે.

To quarrel =quarrelled
To hop = hopped

પરંતુ જો છેલ્લા વ્યંજનની પૂર્વે એક કરતાં વધુ સ્વર આવેલા હોય તો છેલ્લો વ્યંજન બેવડાતો નથી મા઼ 'ed' પ્રત્યય લગાડવામાં આવે છે.

To clean = cleaned
To shout = shouted

(૬) જો ક્રિયાપદના મૂળરૂપને છેડે 'er' કે 'en' આવેલો હોય તો મા઼ 'ed' પ્રત્યય લગાડવામાં આવે છે.

To enter = entered
To listen = listened
To happen = happened

## નિયમીત ક્રિયાપદના ઉચ્ચારણના નિયમો :-

▶ જો ક્રિયાપદના છેલ્લા અક્ષરોનો ઉચ્ચાર 'ક', 'ફ', 'સ', 'શ', 'ચ', કે 'પ' જેવો થતો હોયતો તેને 'ed' પ્રત્યય લગાડતાં તેનો ઉચ્ચાર 'ટ' જેવો થાય છે.

To look (લૂક) - looked (લુક્ટ)
To laugh (લાફ) - laughed (લાફ્ટ)
To cross (ક્રોસ) - crossed (ક્રોસ્ટ)
To touch (ટચ) - touched (ટચ્ટ)
To stop (સ્ટોપ) - Stopped (સ્ટોપ્ટ)

▶ જો ક્રિયાપદના છેલ્લા અક્ષરનો ઉચ્ચાર 'ટ' કે 'ડ' જેવો થતો હોય તો તેને 'ed' પ્રત્યય લગાડતાં તેનો ઉચ્ચાર 'ઇડ' જેવો થાય છે.

To count (કાઉન્ટ) = counted (કાઉન્ટીડ)
To end (એન્ડ) = ended (એન્ડીડ)

Downloaded from www.rijadeja.com

## <u>અનિયમીત ક્રિયાપદ (Irregular):-</u>

જે ક્રિયાપદનું ભૂતકાળનું રૂપ બનાવવા **‘d’** કે **‘ed’** પ્રત્યય લગાડવામાં આવતો નથી પરંતુ તેનું અલગ પ્રકારે જ ભૂતકાળનું રૂપ બનતું હોય તેવા ક્રિયાપદને અનિયમીત ક્રિયાપદ કહેવામાં આવે છે.

To write – wrote
To go - went

***<u>અનિયમીત ક્રિયાપદો</u>*** **:-**

| (મૂળક્રિયાપદ) | - (ભૂતકાળનું ક્રિયાપદ) | (મૂળક્રિયાપદ) | - (ભૂતકાળનું ક્રિયાપદ) |
|---|---|---|---|
| To buy | – bought (બોટ) | To sell | -sold (સોલ્ડ) |
| To bring | – brought (બ્રોટ ) | To tell | - told (ટોલ્ડ) |
| To think | – thought (થોટ ) | | |
| To fight | – fought (ફોટ ) | To light | - lit (લિટ) |
| To catch | - caught (કોટ ) | To hid | - hid (હિડ) |
| To teach | – taught (ટોટ ) | | |
| | | To fall | - fell (ફેલ) |
| To grow | – grew (ગ્યુ ) | To run | - ran (રેન) |
| To draw | – drew (ડ્યુ ) | To go | - went (વેન્ટ) |
| To fly | – flew (ફ્લ્યુ ) | To find | - found (ફાઉન્ડ) |
| | | To build | - built (બિલ્ટ) |
| To come | – came (કેમ ) | To get | - got (ગોટ) |
| To become | – became (બીકેમ ) | To make | - made (મેડ) |
| | | To do | - did (ડિડ) |
| To sing | - sang (સેંગ ) | To have | - had (હેડ) |
| To ring | – rang (રેંગ ) | | |
| To drink | – drank (ડ્રેંક ) | To cut | -cut (કટ) |
| To give | – gave (ગેવ ) | To put | - put (પુટ) |
| To swim | – swam (સ્વેમ ) | To hurt | – hurt (હર્ટ) |
| To sit | –sat (સેટ ) | To shut | - shut (શટ) |
| To leave | –left ( લેફ્ટ ) | To read | - read (રેડ) |
| | | | |
| To sleep | – slept (સ્લેપ્ટ ) | | |
| To keep | – kept (કેપ્ટ ) | | |
| To meet | – met (મેટ ) | | |
| To eat | – ate (એટ ) | | |
| | | | |
| To say | – said (સેઇડ ) | | |
| To pay | – paid (પેઇડ ) | | |
| To lay | – laid (લેઇડ ) | | |
| | | | |
| To stand | – stood (સ્ટુડ ) | | |
| To take | – took (ટુક ) | | |
| To speak | – spoke (સ્પોક ) | | |
| To write | – wrote (રોટ ) | | |
| To drive | – drove (ડ્રોવ ) | | |
| To rise | – rose (રોઝ ) | | |
| To see | – saw (સૉ ) | | |

Downloaded from www.rijadeja.com

To lose – lost (લોસ્ટ )
To win – won (વોન ) To wear - wore (વોર )

# ભવિષ્યકાળ

હવે પછી થવાની કે બનવાની ક્રિયા સૂચવવા ભવિષ્યકાળનો ઉપયોગ થાય છે.

## (૧) સાદો ભવિષ્યકાળ

સામાન્યરીતે સાદા ભવિષ્યકાળના બે પ્રકાર પડે છે.

(I) To be ના સાદા ભવિષ્યકાળ વાળો સાદો ભવિષ્યકાળ

(II) To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદવાળો સાદો ભવિષ્યકાળ

### (I) <u>To be ના ક્રિયાપદ વાળો સાદો ભવિષ્યકાળ</u>

**To be ના સાદા ભવિષ્યકાળના રૂપો.**

| | **Singular** (એકવચન) | **Plural** (બહુવચન) |
|---|---|---|
| **પ્રથમ પુરુષ** | I will be (હું હોઇશ.) | We will be (અમે હોઇશું. ) |
| **બીજો પુરુષ** | You will be (તુ હોઇશ.) | You will be (તમે હશો.) |
| **ત્રીજો પુરુષ** | He / She / It } will be (તે હશે.) | They will be (તેઓ હશે.) |

**ક્રિયાપદ will be = થશે/ હશે/ થાય/ હોય/ થઇશું/ હોઇશું**

**Examples :-**

(1) I ***will be*** in std VIII next year.
હું આવતા વર્ષે આઠમા ધોરણમાં હોઇશ.

(2) We ***will be*** at our uncle's house tomorrow.
અમે આવતીકાલે અમારા કાકાના ઘેર હોઇશું

(3) They ***will be*** in Mumbai next week.
તેઓ આવતા અઠવાડિયે મુંબઇ હશે.

**નોંધ :- Will be ક્રિયાપદવાળા વાક્યની શરુઆત પ્રાસ્તાવિક There થી પણ થઇ શકે છે.**

**Examples :-**

(1) ***There will be*** parks on the moon.
ચંદ્ર પર બગીચા હશે.

(2) ***There will be*** a lion in the zoo.
પ્રાણી સંગ્રહાલયમાં સિંહ હશે.

**નિશાની :-**

**to night –(આજે રાત)**
**tomorrow -(આવતીકાલે)**
**the day after tomorrow –(આવતા પરમદિવસે)**
**next week –(આવતા અઠવાડિયે)**
**next month -(આવતા મહિને)**
**next year –(આવતા વર્ષે)**

Downloaded from www.rijadeja.com

**next....**

નકાર વાક્ય :-

**To be** ના ક્રિયાપદવાળા સાદા ભવિષ્યકાળના વિધાન વાક્યને નકાર વાક્યમાં ફેરવવામાટે સહાયકારક ક્રિયાપદ 'will' પછી 'not' મૂકવામાં આવે છે.

**Will not નું ટૂંકું રૂપ 'won't' થાય છે.**

**Examples:-**

(1) I **will be** in std. IX next year.
I ***will not be*** in std. IX next year.
(2) He **will be** on the moon next year.
He ***will not be*** on the moon next year.

પ્રશ્નાર્થ વાક્ય :-

**'To be'** ના ક્રિયાપદવાળા સાદા ભવિષ્યકાળ વાળા વિધાન વાક્યને પ્રશ્નાર્થ વક્યમાં ફેરવવા માટે સહાયકારક ક્રિયાપદ 'will' ને કર્તાની આગળ એટલેકે વાક્યની શરુઆતમાં મૂકવામાં આવે છે.

**Examples:-**

(1) I **will be** a doctor in future.
***Will*** I ***be*** a doctor in future?
(2) There **will be** new books in the shop.
***Will*** there ***be*** new books in the shop?
(3) The fox **will be** a referee.
***Will*** the fox ***be*** a referee?

## વાક્યરચના

વિધાન :-

| |
|---|
| કર્તા + will + be +અન્ય શબ્દો. |
| There + will + be + અન્ય શબ્દો. |

નકાર :-

| |
|---|
| કર્તા + will + not + be + અન્ય શબ્દો. |
| There + will + not + be + અન્ય શબ્દો. |

પ્રશ્નાર્થ :-

| |
|---|
| Will + કર્તા + be + અન્ય શબ્દો + ? |
| Will + there + be + અન્ય શબ્દો + ? |

Downloaded from www.rijadeja.com

## (II) To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદવાળો સાદો ભવિષ્યકાળ :-

**To play ક્રિયાપદના સાદા ભવિષ્યકાળના રૂપો:-**

| | Singular (એકવચન) | Plural (બહુવચન) |
|---|---|---|
| પ્રથમ પુરુષ | I will play. (હું રમીશ.) | We will play. (અમે રમીશું) |
| બીજો પુરુષ | You will play. (તું રમીશ.) | You will play. (તમે રમશો.) |
| ત્રીજો પુરુષ | He / She / It } will play.(તે રમશે.) | They will play. (તેઓ રમશે.) |

**નોંધ :- જ્યારે ગુજરાતી વાક્યના ક્રિયાપદનો છેલ્લો અક્ષર 'શ' હોય ત્યારે તે વાક્ય ભવિષ્યકાળમાં હોય છે.**

**Examples :-**

(1) We ***will play*** volley ball tomorrow.
અમે આવતી કાલે વોલીબોલ રમીશું.
(2) He ***will go*** to Delhi nextweek.
તે આવતા અઠવાડિયે દિલ્હી જશે.
(3) I ***will read*** a story tonight.
હું આજે રાતે વાર્તા વાંચીશ.
(4) They ***will pluck*** flowers next month.
તેઓ આવતા મહિને ફૂલ ચૂંટશે.

**નકાર વાક્ય :-**

**To be ના ક્રિયાપદ સિવાયના સાદા ભવિષ્યકાળના વિધાન વાક્યને નકારવાક્યને નકારવાક્યમાં ફેરવવા માટે સહાયકારક ક્રિયાપદ 'will' પછી 'not' મૂકવામાં આવે છે.**

**Examples:-**

(1) We **will play** volley ball tomorrow.
We ***will not play*** volley ball tomorrow.
(2) He **will go** to Delhi next week.
He ***will not go*** to Delhi next week.
(3) I **will read** a story tonight.
I ***will not read*** a story tonight.
(4) They **will pluck** flowers next month.
They ***will not pluck*** flowers next month.

**પ્રશ્નાર્થ વાક્ય :-**

**To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદ વાળા સાદા ભવિષ્યકાળ વાળા વિધાન વાક્યને પ્રશ્નાર્થ વાક્યમાં ફેરવવા માટે સહાયકારક ક્રિયાપદ 'will' કર્તાની આગળ એટલેકે વાક્યની શરૂઆતમાં મૂકવામાં આવે છે.**

**Examples :-**

(1) We **will play** volleyball tomorrow.
***Will*** we ***play*** volleyball tomorrow?
(2) He **will go** to Delhi next week.
***Will*** he ***go*** to Delhi next week?
(3) I **will read** a story tonight.

***Will*** I ***read*** a story tonight?

(4) They **will pluck** flowers next month.

***Will*** they ***pluck*** flowers next month?



## વાક્ય રચના

**વિધાન :-**

કર્તા + will + to વિનાનું મૂ.ક્રિ. + અન્ય શબ્દો.

**નકાર :-**

કર્તા + will + not + to વિનાનું મૂ.ક્રિ + અન્ય

**પ્રશ્નાર્થ :-**

Will + કર્તા + to વિનાનું મૂ.ક્રિ. + અન્ય શબ્દો.

# કાળના કોઠા

# વર્તમાનકાળ

## (I) સાદો વર્તમાનકાળ :-

### (1) To be ના ક્રિયાપદવાળો સાદો વર્તમાનકાળ :-

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I am | I am not | Am I ? |
| We are | We are not | Are we ? |
| You are | You are not | Are you ? |
| He is | He is not | Is he ? |
| She is | She is not | Is she ? |
| It is | It is not | Is it ? |
| They are | They are not | Are they ? |

### (2) To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદવાળો સાદો વર્તમાનકાળ :-

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I go | I do not go | Do I go ? |
| We go | We do not go | Do we go ? |
| You go | You do not go | Do you go ? |
| He goes | He does not go | Does he go ? |
| She goes | She does not go | Does she go ? |
| It goes | It does not go | Does it go ? |
| They go | They do not go | Do they go ? |

Downloaded from www.rijadeja.com

## (II) ચાલુ વર્તમાનકાળ

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I am going | I am not going | Am I going ? |
| We are going | We are not going | Are we going ? |
| You are going | You are not going | Are you going ? |
| He is going | He is not going | Is he going ? |
| She is going | She is not going | Is she going ? |
| It is going | It is not going | Is it going ? |
| They are going | They are not going | Are they going ? |

# ભૂતકાળ

## સાદો ભૂતકાળ :- (૧)To be ના ક્રિયાપદવાળો સાદો ભૂતકાળ :-

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I was | I was not | Was I ? |
| We were | We were not | Were we ? |
| You were | You were not | Were you ? |
| He was | He was not | Was he ? |
| She was | She was not | Was she ? |
| It was | It was not | Was it ? |
| They were | They were not | Were they ? |

(૨)To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદવાળો સાદો ભૂતકાળ :-

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I went | I did not go | Did I go ? |
| We went | We did not go | Did we go ? |
| You went | You did not go | Did you go ? |
| He went | He did not go | Did he go ? |
| She went | She did not go | Did she go ? |
| It went | It did not go | Did it go ? |
| They went | They did not go | Did they go ? |

# ભવિષ્યકાળ

## (I) સાદો ભવિષ્યકાળ :-

(૧) To be ના ક્રિયાપદવાળો સાદો ભવિષ્યકાળ :-

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I will be | I will not be | Will I be ? |
| We will be | We will not be | Will we be ? |
| You will be | You will not be | Will you be ? |
| He will be | He will not be | Will he be ? |
| She will be | She will not be | Will she be ? |
| It will be | It will not be | Will it be ? |
| They will be | They will not be | Will they be ? |

Downloaded from www.rijadeja.com

(૨) To be ના ક્રિયાપદ સિવાયના ક્રિયાપદવાળો સાદો ભવિષ્યકાળ :-

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I will go | I will not go | Will I go ? |
| We will go | We will not go | Will we go ? |
| You will go | You will not go | Will you go ? |
| He will go | He will not go | Will he go ? |
| She will go | She will not go | Will she go ? |
| It will go | It will not go | Will it go ? |
| They will go | They will not go | Will they go ? |

**TO HAVE ( હેવ ) ની પાસે હોવું/ ને હોવું**

સાદો વર્તમાનકાળ :-

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I have | I have not | Have I ? |
| We have | We have not | Have we ? |
| You have | You have not | Have you ? |
| He has | He has not | Has he ? |
| She has | She has not | Has she ? |
| It has | It has not | Has it ? |
| They have | They has not | Have they ? |

સાદો ભૂતકાળ :-

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I had | I had not | Had I ? |
| We had | We had not | Had we ? |
| You had | You had not | Had you ? |
| He had | He had not | Had he ? |
| She had | She had not | Had she ? |
| It had | It had not | Had it ? |
| They had | They had not | Had they ? |

સાદો ભવિષ્યકાળ :-

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I will have | I will not have | Will I have ? |
| We will have | We will not have | Will we have ? |
| You will have | You will not have | Will you have ? |
| He will have | He will not have | Will he have ? |
| She will have | She will not have | Will she have ? |
| It will have | It will not have | Will it have ? |
| They will have | They will not have | Will they have ? |

**Can (કેન) શકવું**

| વિધાન | નકાર | પ્રશ્નાર્થ |
|---|---|---|
| I can | I can not | Can I ? |
| We can | We can not | Can we ? |
| You can | You can not | Can you ? |
| He can | He can not | Can he ? |
| She can | She can not | Can she ? |
| It can | It can not | Can it ? |
| They can | They can not | Can they ? |

Downloaded from www.rijadeja.com